# TRIUMPH

***HALF YEARLY MAGAZINE***

Issue - 02, November - 2020

भारतीय विधा भवन

अमृतं तु विधा

# NEWSLETTER

## BHAVAN'S SHRI A. K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR

BHAVAN'S SHRI A. K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR








**Lt. Shri Kanaiyalal Maneklal Munshi**

**Founder of Bhartiya Vidya Bhavan**



**Lt. Shri Amrtulal Kalidas Doshi**

**Founder of Shri A. K. Doshi Mahila College, Jamnagar**

# ABOUT THE COLLEGE

## Our Vision

Women's Empowerment through need-based values, socially responsive and career oriented teaching learning in a global context

## Our Mission

To provide rich educational experience to women students, relevant to the present times, and mould them into conscientious citizens and agents of social transformation so that they become competent to lead fruitful and harmonious life.

## મુખ્ય અભ્યાસક્રમો

### બી.એ. (સેમેસ્ટર - ૦૧ થી ૦૬)

- માનસશાસ્ત્ર
- સમાજશાસ્ત્ર
- અર્થશાસ્ત્ર
- અંગ્રેજી
- ગુજરાતી
- હિન્દી
- સંસ્કૃત

### બી.કોમ. (સેમેસ્ટર - ૦૧ થી ૦૬)

- એકાઉન્ટન્સી
- બિઝનેશ મેનેજમેન્ટ

Bhavan's Shri Amrutlal Kalidas Doshi Mahila College - Jamnagar.
Web : www.akdmcorg
Email : akdmcjam@gmail.com
Phone : (O) 0288-2756298 (F) 0288-2753389
Facebook page : www.facbook.com/pages/shri-A-K-Doshi-Mahila-College/649643188495200

# સંકલક – કથન

વ્યતીત સમયગાળામાં આપણી કોલેજે કરેલી શૈક્ષણિક અને ઈતર પ્રવૃતિઓનો આલેખ એટલે આ ન્યુઝ લેટર

સંકલન કરવામાં આદરણીય પ્રિન્સિપાલ, તમામ અધ્યાપકો, નોન ટીચિંગ સ્ટાફ અને ઉત્સાહી વિદ્યાર્થીઓના યોગદાનને વંદન.

કોલેજનો ગ્રાફ આમ જ વધતો રહે, એ જ શ્રેયસ્-કામના.


**ડૉ. અનિલ દ્વિવેદી**
**ડૉ. ધર્મેશ ખાનપરા**
**ડૉ. હાજા ઓડેદરા**

# પ્રિન્સિપાલ – મેસેજ

કોલેજમાં થતી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું અને અનુકૂળતા કરી આપવી, એ એક મેનેજમેન્ટના ભાગરૂપે મારે કરવાનું આવે. આ મારું કર્તવ્ય છે. પણ બધીજ પ્રવૃતિઓ સાકાર બને છે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારી ગણ થકી. સાચું સંચાલક બળ આ જ છે.

પ્રોફેસર મોરિશ્વાટ્ર્ઝે સાચું જ કહ્યું છે કે –

કામ એવા કરવા જે સીધા હૃદયમાંથી સ્ફુરે, જો એમ કરશો તો તમને કયાંય અસંતોષ નહી થાય.

આ મેસેજને આપણે ચરિતાર્થ કર્યો છે અને કરતાં રહીશું, એજ અપેક્ષા.
સૌને ખૂબ ખૂબ અભિનંદન



**ડૉ. ચેતના ભેંસદડિયા**
પ્રિન્સિપાલ
શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ,
જામનગર.

# ENGLISH AWARNESS WEEK - 2020
## BHAVAN'S SHRI A.K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR
## DATE: 2nd to 8th February, 2020

વિદ્યાર્થીનીગણમાં અંગ્રેજી ભાષા પ્રત્યેની રુચિ, સૂઝ, અને તેની ઉપયોગિતા ધારા ધોરણોને એક અનન્ય દિશા આપવાના હેતુસર દર વર્ષ 'ઈંગ્લીશ અવેરનેસ વીક' નું આયોજન કરવું એ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજના અંગ્રેજી વિભાગનો આજ સુધીનો ક્રમ રહ્યો છે. તાજેતરમાં જ ૩ ફેબ્રુઆરી થી ૮ ફેબ્રુઆરી સુધી આ સપ્તાહની ઉજવણી અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. વિપુલ કપૂર સાહેબના માર્ગદર્શન, તેમના સહકર્મીઓ ડૉ. પૂનમ વલેરા અને પ્રો. ગૌરવ પરમારના સહિયારાના પ્રયાસો તથા વિદ્યાર્થીનીઓના ભાવસભર યત્નો સાથે સફળતાપૂર્વક થઇ હતી. આ સપ્તાહ અંતર્ગત અનેકવિધ સ્પર્ધાઓ અને પ્રવૃતિઓ જેવી કે વકતૃત્વ સ્પર્ધા, સ્પેલ બી. સ્પર્ધા, સેમિનાર પેપર રીડિંગ સ્પર્ધા, લિટરરી કવીઝ, ટ્રાન્સલેશન સ્પર્ધા ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ડાન્સ સ્પર્ધા, ટ્રેડીશનલ ડ્રેસ, ટ્વીન્સ સ્પર્ધા વગેરેનું આયોજન થયું હતું જેમાં ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટની ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. અન્ય ડિપાર્ટમેન્ટસની વિદ્યાર્થીનીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ સપ્તાહ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનનારને તા. ૮ ફેબ્રુઆરીના રોજ પૂર્ણાહુતિ સમારંભમાં ઈનામો આપવામાં આવ્યાં હતા. આ ઉપરાંત ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટની પરંપરા મુજબ મિસ ટેલેન્ટ, મિસ ટોકેટીવ, સ્ટુડન્ટ ઓફ ધ યર, સ્ટુડન્ટ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, મિસ એંથુઝીઆસ્ટ વગેરે જેવા એવોર્ડ્સથી પણ વિદ્યાર્થીનીઓને નવાજવામાં આવી હતી. સપ્તાહની શરૂઆતથી અંત સુધી ચેરમેન શ્રી ભાનુભાઈ દોશીની હાજરી સવિશેષ રહી હતી. આ સમગ્ર સપ્તાહ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. ચેતનાબેન ભેંસદડીયાના હકારાત્મક અભિગમે ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાર્થીનીઓને વિવિધ ઈનામોથી પ્રોત્સાહીત કરવામાં ડો. રાજાણી સાહેબ તથા ડો. વર્ષાબેન છીછીઆનો ફાળો નોંધપાત્ર રહ્યો હતો. પૂર્ણાહુતિ સમારંભમાં ચેરમેન શ્રી ભાનુભાઈ દોશી, મુખ્ય અતિથિ તરીકે નંદ વિદ્યા નિકેતન શાળાના આચાર્ય શ્રી એસ. આર. પાંડે સાહેબ, એચ. જે. ઈન્ફોટેક કોલેજના ડાયરેકટ ડો. હંસાબેન શેઠ, કોલેજના હોમસાયન્સ ડિપાર્ટમેન્ટના હેડ અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સિન્ડિકેટ સભ્ય ડો. વર્ષાબેન છીછીઆ, કોલેજના પ્રોફેસર ગણ હાજર રહ્યા હતાં.



## ON MENTAL HEALTH EXHIBITION

Students of Psychology Department A. K. D. M. C. Has arranged Psychology Exhibition for awareness of Mental Health. Their, they also presented some Psychological Experiments related to the Mental Health and Mental Treatment.

From past 16 years "Mental Health Awareness Exhibition" arranged by 2 days and number A. K. D. M. C. - Jamnagar for 2 day and number of people comes here to visit this exhibition and to be the part of it. More then 90% of visitors has find their Mental Healt cure through exhibition.













## VISITED INDUSTRIAL AREA :

The Department of Psychology A. K. D. M. C. - Jamnagar visited theect OREVA Industry in Morbi. More Then 50 to 60 students has been the part of this Industrial Visit.






# VISITED G.G. HOSPITAL :

More Then 50 Students A. K. D. M. C. - Jamnagar visited Psychology Department visited the Government Hospital of the jamnagar, G. G. Hospital & Samrpan Hospital.













# ભવન્સ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ-જામનગર
## આર્ટ્સ વિભાગ



## કોરોનાની માનસિક અસરો અને તેના ઉકેલો

વિશ્વ જયારે કોરોનાની મહામારીના સંકટનો સામનો કરી રહયુ છે ત્યારે ભવન્સ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજમાં સંશોધનની ભૂમિકારૂપે શિક્ષણવિદ શ્રી ડૉ. ચેતનાબેન ભેંસદડિયાના માર્ગદર્શન હેઠળ ''કોરોનાની માનસિક અસરો અને તેના ઉકેલો'' વિષય ઉપર ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ. એમ. ધોડાસરા, મહિલા વિનયન અને વાણિજય કોલેજના મનોવિજ્ઞાન વિષયના પ્રો. ડૉ. દિનેશભાઈ કઢાણીયા એ કોરોનાની માનસિક અસરો વિશે વ્યાખ્યાન આપી તેના ઉકલો વિશે રસપ્રદ ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ચેરપર્સનની ભૂમિકા ડૉ. પી. આર. રાજાણી સર તેમજ કો-ઓડીનેટર ડૉ. કેતનભાઈ ધોળકિયા સર અને તેમની ટીમના પ્રો. શિવાનીબેન પરમાર, શ્રી વિજયભાઈ જોશી, શ્રી જતીનભાઈ ગોપીયાણી, શ્રી અશ્વિનભાઈ રાઠોડે સમગ્ર કાર્યક્રમમાં સંચાલન કાર્ય કર્યુ હતુ. અંતે ડૉ. ચેતનાબેન ભેંસદડિયા એ આભારવિધિ કરીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# ભવન્સ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ-જામનગર

## આર્ટ્સ વિભાગ



## કોવિડ-૧૯ જીવનશૈલી પરિવર્તન પ્રશ્નો અને પડકારો

વિશ્વ જયારે કોરોનાની મહામારીના સંકટનો સામનો કરી રહયુ છે ત્યારે ભવન્સ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજમાં સંશોધનની ભૂમિકારૂપે શિક્ષણવિદ શ્રી ડૉ. ચેતનાબેન ભેંસદડિયાના માર્ગદર્શન હેઠળ ''કોવિડ-૧૯ જીવનશૈલી પરિવર્તન પ્રશ્નો અને પડકારો'' વિષય ઉપર ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પીકર તરીકે કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના સેવા નિવૃત ડૉ. તુષાર હાથીએ કોવિડની વ્યકિતના જીવનશૈલી ઉપર શું અસર થાય છે તેના વિશે અર્થસભર વ્યાખ્યાન આપ્યું હતુ. ભારતીય વિદ્યાભવનના ટ્રસ્ટી શ્રી ડૉ. ભાનુભાઈ દોશીએ ચેરપર્સન તરીકેની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન શ્રી ડૉ. ચેતનાબેન ભેંસદડિયા અને કો-ઓર્ડીનેટર ડૉ. અનિલભાઈ દ્વિવેદી તથા તેમની ટીમ પ્રો. શિવાનીબેન પરમાર, શ્રી વિજયભાઈ જોશી, શ્રી જતીનભાઈ ગોપીયાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. અનિલભાઈ દ્વિવેદીએ આભારવિધિ કરીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## વિદ્યાર્થીઓના જીવનમાં રમત-ગમતનું સ્થાન

રમત-ગમતથી વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. શાળા કોલેજમાં બાળકોના વિકાસ માટે રમત-ગમત ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીના જીવનમાં તમામ પડકારોનો સામનો કરવા માટે તેમને તૈયાર કરવા રમતોનું મહત્વ આપવામાં આવે છે. તેમની ક્ષમતામાં વધારો કરે છે. જેથી તે તેના જીવનમાં ખુબ સારો દેખાવ કરી શકે છે. જીવનનું ધ્યેય પ્રાપ્ત કરી શકે છે.

સ્વાસ્થ્ય સાથે જોડાયેલ કસરતને રમત-ગમત એ એક શ્રેષ્ઠ કસરત છે. જે બાળકને પોતાની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. વિવિધ રમતોમાં ભાગ લેવો, નિયમિત કસરત કરવી એ વિવિધ રોગોને અટકાવે છે અને તંદુરસ્ત હાડકા, હૃદય, ફેફસાના કાર્યોમાં સુધારો કરે છે. તેમજ વજન સંતુલિત કરવામાં, ડાયાબિટીસને નિયંત્રણ કરવામાં, રકત પરિભ્રમણને સુધારવામાં અને તણાવના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

વિકસતા બાળકો માટે તેમના શરીર અને મનનાં વિકાસમાં કસરત, રમત-ગમત ખુબજ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. તે તેમના શૈક્ષણિક સ્તરને સુધારવામાં મદદ કરે છે. તંદુરસ્ત જીવનશૈલી જીવવા માટે કસરત, રમત-ગમત ખુબજ જરૂરી છે. કસરત બાળકોની સુખાકારીમાં પણ નોંધપાત્ર ફાળો આપે છે. નિયમિત કસરત, વ્યાયામથી વિવિધ ચેપગ્રસ્ત રોગોની સારવાર કરવામાં ફાયદો થાય છે. વિકાશશીલ, વિકસીત દેશોમાં સામાન્ય વિદ્યાર્થીઓ પોતાનું સ્વાસ્થ્ય સુધારો લાવવા માટેની તે એક અસરકારક પધ્ધતિ છે જે આપણા દેશના વડાપ્રધાન મોદી સાહેબ પણ અપનાવે છે..







## કસરત-રમત ગમત દ્વારા વિદ્યાર્થીઓનો વિકાસ

કસરતથી બાળકનો શારીરીક વિકાસ તો થાય જ છે સાથે સાથે વ્યક્તિત્વનો નિખારમાં વધારો, આત્મગૌરવમાં વધારો, સામાજીક ક્રિયા પ્રતિક્રિયામાં વધારો કરશે. વિદ્યાર્થીના જીવનમાં સકારાત્મક વિચારોનો ઉદય થશે. બાળકોના મુલ્યો, શિસ્ત, પરસ્પર વિશ્વાસ અને આત્મવિશ્વાસની ભાવનાઓ વિકસાવે છે. રમતવિર વિદ્યાર્થી હંમેશા હકારાત્મક વલણ, નૈતિક મુલ્યો સાથે તેમનું જીવન જીવે છે.

## રાષ્ટ્ર સાથે જોડાયેલુ રમત ગમતનું મહત્ત્વ

સૌથી મહત્વની બાબત જે રાષ્ટ્રના વિકાસમાં મુખ્યત્વે ફાળો આપે છે. શાંતિ અને એકતાનું નિર્માણ કરે છે, લોકોમાં સહકારની ભાવના જગાવે છે, તેઓ એક થઈ દેશના વિકાસ માટે કાર્ય કરી શકે છે. દેશના યુવાનમાં આત્મવિશ્વાસનું સ્તર ઉંચું લાવે છે. જેથી સ્પર્ધાત્મક વિશ્વના પડકારોનો સામનો કરી શકે છે. તે રીતે રાષ્ટ્રના વિકાસમાં સિંહ ફાળો આપી શકે છે.

કસરત આખા દેશના સ્વાસ્થ્ય ધોરણને સુધારવામાં મદદ કરી શકે છે. દેશમાં આરોગ્યનું પ્રમાણ ઉચું આવે છે. માનવી તણાવમુકત જીવન જીવી શકે છે. રોજગારીની સ્થિતિમાં સુધારો લાવી શકે છે. દેશના અર્થ તંત્રને વેગવંતુ બનાવે છે. ઉદ્યોગોની આવક વધારે છે જે દેશને અનેક રીતે આગળ વધારવામાં મહત્વપૂર્ણ ફાળો આપે છે.





## ગ્રંથાલય વિશે :

કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું હૃદય એટલે ગ્રંથાલય આ વાક્યને ચરિતાર્થ કરતું ગ્રંથાલય એટલે ભવન્સ શ્રી એ.કે. દોશી મહિલા કોલેજનું ગ્રંથાલય. ગ્રંથાલય સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ, ગ્રંથાલયમાં દરેક વિષયના લગભગ ૮૦ હજારથી વધારે પુસ્તકો, ૪૦ થી વધારે વિવિધ વિષયના મેગેઝીન, ૭ ન્યુઝ પેપર અને ૧૦૦ થી વધારે વિદ્યાર્થી બેસી શકે તેવી સુંદર વ્યવસ્થા.











## SERVICES PROVIDED BY THE LIBRARY

**Document Circulation Service**

**Reference Service**

**Book Bank Services**

**Reading Service**

**User Orientation and Education**

**Old Exam Paper Soft & Hard Copy Services**

**Current Awareness Service**

**Computerized Information Search Service**

**Document Delivery Service**

**Bulletin Board Service**

**Photocopy Service**

**Referral Service**

**AKDMC Student Help Centre**

**Ask Librarian**





## સંસ્કૃત દિવસ

૦૫-૦૯-૨૦૨૦ના દિવસે આ કાર્યક્રમ ગોઠવાયો હતો; જેમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. રાધિકા ધામેચાને નિમંત્રણ આપ્યું હતું. આ બહેન આપણી કોલેજના પૂર્વ વિદ્યાર્થિની છે. તેઓએ સંસ્કૃતમાં બી.એ. અને એમ.એ. નો અભ્યાસ કર્યો છે. અત્યારે ડૉ. રાધિકા ધામેચા ગવર્મેન્ટ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષિકા તરીકે કાર્યરત છે.

આ કાર્યક્રમ મુરબ્બી ચેરમેન શ્રી ભાનુભાઈ દોશી, પ્રિ. ડૉ. ચેતનાબહેન ભેંસદડિયા, ડૉ. નીનાબહેન પંડયા અન્ય માન્ય અધ્યાપકો તેમજ સંસ્કૃતની વિદ્યાર્થિનીઓની સન્નિધિ અને આયોજનથી સફળ રહ્યો.




## દીપાવલિ




દિવાળી નિમિત્તે આ ઉત્સવ ઊજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં નૃત્ય, ગીત અને કથન થયાં

જલાઓ દીએ પર રહે ધ્યાન ઈતના
અંધેરા ધરા પર કહીં રહ ન જાએ.

આ કાવ્ય વિદ્યાર્થીની જલ્પા પટેલે ખૂબ સરસ રીતે અભિવ્યકત કર્યું.

કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડૉ. ચેતનાબહેન ભેંસદડિયા, ડૉ. અનિલ દ્વિવેદી અને ડૉ. નીના પંડયાનું સાંનિધ્ય હતું. વિદ્યાર્થીનીઓ હીરલ આહીર, જલ્પા પટેલ, દિવ્યા ચૌહાણ વગેરેના સુંદર આયોજનથી આ કાર્યક્રમ સરસ રહ્યો.




# BHAVAN'S
# SHRI A. K. DOSHI MAHILA COLLEGE,
# JAMNAGAR



Marvel Art-9898235610

BHAVAN'S SHRI A. K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR